## જુવેનાઇલ જસ્ટીસ એકટ અન્વયે રાજ્યના દરેક જિલ્લામાં રચાયેલ ચાઇલ્ડ વેલ્ફેર કમિટિ(CWC)ના બિનસરકારી સામાજિક કાર્યકરોની નિમણૂંક કરવા બાબત.

---

રાજ્યના તમામ ૩૩ જિલ્લાઓમાં જુવેનાઈલ જસ્ટિસ એક્ટ હેઠળ કાળજી અને રક્ષણની જરૂરિયાતવાળા બાળકોના ન્યાય અને નિર્ણય માટે કાર્યરત **ચાઇલ્ડ વેલ્ફેર કમિટિ (C.W.C.)** માં નીચે મુજબની લાયકાત ધરાવતા અધ્યક્ષ તથા ૪(ચાર) બિનસરકારી સભ્યોની નિમણૂંક માટે સામાજિક ક્ષેત્રે કાર્યરત કાર્યકરો પાસેથી અરજી મંગાવવામાં આવે છે. **(ઉપરોક્ત પાંચ જગ્યાઓ પૈકી એક જગ્યા મહિલા માટે તથા એક જગ્યા બાળક સંબંધિત કિસ્સાઓમાં નિષ્ણાંત માટે અનામત છે.)**

૧. ચાઇલ્ડ વેલફેર કમિટિના અધ્યક્ષશ્રી માટેની લાયકાત :

(૧.૧) તા.૦૧/૦૧/૨૦૧૬ની સ્થિતિએ ૩૫ વર્ષ કે તેથી વધુ ઉમર.

(૧.૨) બાળકોના શિક્ષણ, આરોગ્ય અથવા કલ્યાણકારી પ્રવૃત્તિઓનો લઘુત્તમ દસ વર્ષનો અનુભવ.

અથવા

(૧.૨) બાળ મનોવિજ્ઞાન અથવા મનોચિકિત્સા અથવા સમાજકાર્ય અથવા સમાજશાસ્ત્ર અથવા માનવ વિકાસ ક્ષેત્રમાં અથવા કાયદાના ક્ષેત્રમાં પદવી ધરાવતા કાર્યરત વ્યવસાયી, નિવૃત્ત ન્યાયાધીશ સહિત.

૨. ચાઇલ્ડ વેલફેર કમિટીના સભ્યશ્રી માટેની લાયકાત :

(૨.૧) તા.૦૧/૦૧/૨૦૧૬ની સ્થિતિએ ૩૫ વર્ષ કે તેથી વધુ ઉંમર.

(૨.૨) બાળકોના શિક્ષણ,આરોગ્યઅથવા કલ્યાણકારી પ્રવૃત્તિઓમાં જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી લઘુત્તમ સાત વર્ષથી સક્રિય રીતે કાર્યરત.

અથવા

(૨.૨) બાળ મનોવિજ્ઞાન અથવા મનોચિકિત્સા અથવા સમાજકાર્ય અથવા સમાજશાસ્ત્ર અથવા માનવ વિકાસ ક્ષેત્રમાં અથવા કાયદાના ક્ષેત્રમાં પદવી ધરાવતા કાર્યરત વ્યવસાયી.

**નોંધ :(૧) ઉપરોક્ત જાહેરાત સરકારી નોકરીની ભરતી માટેની નથી.**

**(૨)** પસંદગી પામનાર વ્યકિતને ચાઇલ્ડ વેલફેર કમિટી(C.W.C.) ની પ્રત્યેક બેઠકમાં હાજરી આપવા બદલ સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર મળવાપાત્ર ભથ્થા સિવાય અન્ય કોઇ પગાર ભથ્થાં મળવાપાત્ર નથી.

(૩) સમિતિમાં સભ્ય તરીકે નિયુક્ત થનાર વ્યક્તિની નિયુક્તિની મુદત મહત્તમ ત્રણ વર્ષની રહેશે.

(૪) જરૂર જણાય તો પસંદગી માટે બહુ વૈકલ્પિક પ્રશ્નો આધારીત પરીક્ષા, કોમ્પ્યુટર કૌશલ્ય તથા રૂબરૂ મુલાકાત માટે સ્વખર્ચે ‘‘રાજ્ય સ્તરની પસંદગી સમિતિ’’ સમક્ષ હાજર રહેવાનું રહેશે.

(૫) અરજી માટેની વિગતવાર વધુ સુચનાઓ તથા અરજીપત્રક સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની વેબસાઇટ https://sje.gujarat.gov.in/dsd/પરથી ડાઉનલોડ કરી, વાંચી, સમજી ત્યારબાદ અરજી કરવાની રહેશે.

(૬) વધુ માહિતી માટે કચેરી ફોન નં ૦૭૯-૨૩૨૪૨૫૨૧ પર ૧૧:00 થી ૫:00 દરમિયાન સંપર્ક કરવા વિનંતી.

**(૭)**અરજી તા.૩૦.૬.૨૦૧૬ સુધીમાં નીચે દર્શાવેલ સરનામે મળે એ રીતે ફક્ત રજી. એડી. થી જ મોકલવાની રહેશે. કચેરી ખાતે રૂબરૂ/કુરીયરથી અરજી સ્વીકારવામાં આવ્શે નહી, જેની ખાસ નોંધ લેશો.

**(૮)** લાયકાત, અનુભવના પ્રમાણપત્ર સાથે નિયતપત્રકમાં અરજી "મુખ્ય કારોબારી અધિકારી, ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેક્શન સોસાયટી -વ- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લૉક નં.૧૯, ૩જો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર" ને કરવાની રહેશે. સમયમર્યાદા બાદ આવેલ અરજી ધ્યાનમાં લેવાશે નહિ.

(૯) પસંદગી પામેલ વ્યક્તિએ નિમણૂંક પામતા પહેલા તાલીમ ફરજિયાત પૂર્ણ કરવાની રહેશે. જો તાલીમ પૂર્ણ નહી કરે તો તેમની નિમણૂંક રદ કરવામાં આવશે.

## અધ્યક્ષ અથવા સભ્ય તરીકે પસંદગી પામનાર વ્યક્તિ

(i) અગાઉ કોઇ પણ બાબતે દોષી ઠેરવાયેલ હોવા જોઇએ નહી.

(ii) કોઇ અનૈતિક કૃત્ય અથવા દુરુપયોગ અથવા બાળકોના શોષણ સંબંધિ કૃત્યોમાં સામેલ હોવી જોઇએ નહી.

(Iii) પૂર્ણ કાલીન વ્યવસાયમાં જોડાયેલ હોવાથી તે/તેણી જે કાયદા અને નિયમો મુજબ સમિતિમાં કામ કરવા માટે જરૂરી સમય અને ધ્યાન આપી શકે નહી.

(Iv) ચેરપર્સન અથવા સમિતિના સભ્ય તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન કોઇ બાળ સંભાળ સંસ્થા સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંકળાયેલ અથવા અન્ય કોઇ સંઘર્ષ કે હિતના કારણે સંકળાયેલ હોવા જોઇએ નહી.

(V) કોઈપણ રાજકીય પક્ષ સાથે જોડાયેલ હોવા જોઇએ નહી.

(Vi) નાદાર હોવા જોઇએ નહી.

(vii) નૈતિક ભ્રષ્ટતાવાળા કોઇ પણ ગુનામાં દોષિત ઠેરવવામાં આવેલ હોય અને આવી શિક્ષા દૂર કરવામાં આવેલ ન હોય તેવા ગુનાના સંદર્ભમાં સંપૂર્ણ માફી આપવામાં આવેલ ન હોય